**<u>એ.સી.બી. કેસ નં. ૧૧/૨૦૨૧</u>**
**<u>આંક – ૨૧</u>**

**<u>એ.સી.બી. કેસ નં. ૧૧/૨૦૨૧ માં મુદ્દામાલ આર્ટીકલ નં. ૮ માર્ક એચ તથા આર્ટીકલ નં.૯ માર્ક આઈ ના મેમરી કાર્ડની કોપી આપવા બાબતે રોજકામ</u>**

આરોપી તરફે તેઓને મુદ્દામાલ તરીકે રજુ કરવામાં આવેલ મેમરી કાર્ડની વોઈસ કલીપની કોપી મળવા અરજી આંક – ૨૦ થી તા.૨૦/૧૨/૨૦૨૩ ના રોજ કરતા આજે એ.સી.બી. પોલીસ સ્ટેશનને જાણ કરતા જવાબદાર અધીકાર એ.એસ.આઈ. હરદેવસીંહ કરણસીંહ જાડેજા હાજર છે. તેના પી.આઈ. નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રોકાયેલા છે. આરોપી તરફે તેમના વિ.વકીલશ્રી ડી.એસ.ઉકાણી હાજર છે. નાઝીર કસ્ટડીમાંથી બંને કવર મંગાવી તેઓની હાજરીમાં મારી સમક્ષ ખુલ્લી અદાલતમાં બંને માર્કના સીલ બંધ કવર આ અદાલતમાં ખોલવામાં આવેલ છે. તથા નવી મંગાવેલ પેન ડ્રાઈવ પણ કંપની સીલ બંધ પેકમાંથી ખોલવામાં આવેલ છે. મારા રૂબરૂ જ કોર્ટની કોમ્પ્યુટર સિસ્ટમમાંથી જ બંને મેમરી કાર્ડના કન્ટેન્ટ મારી હાજરીમાં પેન ડ્રાઈવમાં કોપી કરવામાં આવેલ છે. તેનું આ રોજકામ કરવામાં આવેલ છે. નાઝીર કસ્ટડીમાંથી બંને કવર મંગાવેલા તેમાં ફરીથી મુદ્દામાલ આર્ટીકલ મુકી મારી સહીથી તેને ફરીથી સીલ કરવામાં આવેલ છે. તથા મેમરી કાર્ડની કોલોન કોપી આજે પેન ડ્રાઈવમાં કરી તે પેન ડ્રાઈવ આ રોજકામની એક નકલ સાથે બચાવપક્ષનેઆપેલ છે. રોજકામની નકલ પ્રોસીકયુશન પક્ષને પુરી પાડવામાં આવેલ છે. એક નકલ કેસના ઓરીજનલ રેકર્ડમાં પણ મુકવામાં આવેલ છે. જેને આંક –૨૧ આપવામાં આવેલ છે. સીલ કરવામાં આવેલબંને કવરમાં પણ એક એક કોપી મુકેલ છે. જેથી ભવિષ્યમાં આ તમામ કાર્યવાહી મારા રૂબરૂ થયેલ તેની જાણ બંને પક્ષોને રહે અને ભવિષ્યમાં કોઈ વિવાદ ન થાય. નીચે રોજકામમાં હાજર એ.એસ.આઈ., બચાવપક્ષના હાજર વકીલશ્રીની સહીઓ લઈ મારી કોર્ટમાં જે કર્મચારી વિજયભાઈ રમણભાઈ ગઢવી, આસીસ્ટન્ટ કોમ્પ્યુટર બ્રાન્ચ, દ્વારા આ કાર્યવાહી કરવામાં આવેલ છે તેની અને મારી સહી કરવામાં આવેલ છે.

સ્થળ – ભુજ, તા.૨૨/૧૨/૨૦૨૩

(એ.એસ.આઈ. હરદેવસીંહ કરણસીંહ જાડેજા) મારા રૂબરૂ

(વિ.વકીલશ્રી ડી.એસ.ઉકાણી)

(શિલ્પા મનસુખલાલ કાનાબાર)
આઠમા સેશન્સ જજ (સ્પેશીયલ કોર્ટ એસીબી)
ભુજ – કચ્છ કોડ જી.જે.૦૦૮૧૪

(વિજયભાઈ રમણભાઈ ગઢવી, આસીસ્ટન્ટ કોમ્પ્યુટર બ્રાન્ચ,)

ઉપરોકત સહી થઈ બધા ચાલ્યા ગયા બાદ કર્મચારીએ ઘ્યાન દોરેલ છે કે વિજયભાઈ રમણભાઈ ગઢવી નહી પરંતુ વિજયભાઈ રમણભાઈ ગરચર નામ હોય બધાને એક એક કોપી આપી દીધેલ હોય તેથી જયારે દસ્તાવેજ અદાલત બહાર ચાલ્યો ગયેલ હોય તેને પાછા બોલાવીને સુધારો કરવાના બદલે બનેલ ઘટનાની નોંધનું આ વિશેષ રોજકામ કરવામાં આવેલ છે અને જયાં જયં વિજયભાઈ રમણભાઈ ગઢવી લખેલ છે ત્યાં ત્યાં વિજયભાઈ રમણભાઈ ગરચર વંચાણે લેવાનું રહેશે જેની આ નોંધ કરી કામમાં સામેલ રાખેલ છે.

સ્થળ – ભુજ,
તા.૨૨/૧૨/૨૦૨૩

(શિલ્પા મનસુખલાલ કાનાબાર)
આઠમા સેશન્સ જજ (સ્પેશીયલ કોર્ટ એસીબી)
ભુજ – કચ્છ કોડ જી.જે.૦૦૮૧૪